એનએ/એસ આર/૧૩૬૫/૨૦૧૫-૨૦૧૬
બારકોડ નં.૨૫૦૬

નં.જમીન/ડી/કલમ-૬૫/વશી/૧૫૩૦/૨૦૧૬
કલેકટર કચેરી, બિનખેતી શાખા,
રૂમ નં.૩૦, કોઠી બિલ્ડીંગ,
વડોદરા. તા.૧૮/૦૪/૨૦૧૬

પ્રતિ,
શ્રી પટેલ મુકેશભાઈ શંભુભાઈ વિગેરે
મુ.પો.ભાયલી
તા.જિ.વડોદરા

વિષય :- મોજે ભાયલી તા.જિ.વડોદરાના બ્લોક નં.૩૨૪ (સ.નં.૩૭૬), ટી.પી.સ્કીમ નં.૩, ફા. પ્લોટ નં.૧૦ ની ૬૩૧૨ ચો.મી જમીનની રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી મળવા બાબત.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે જયભારત સહ જણાવવાનું કે સવાલવાળી જમીનની રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગીના કામે નીચે પ્રમાણેની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા પાત્ર થાય છે.

(૧) રૂપાંતરકરની રકમ :-

| અ.નં. | હેતુ | ક્ષેત્રફળ (ચો.મી.) | દર પ્રતિ ચો.મી. | રૂપાંતર કરની રકમ(રૂા.) |
|---|---|---|---|---|
| ૧ | રહેણાંક | ૬૩૧૨ | ૨/- | ૧૨,૬૨૪/- |

(અંકે રૂપિયા બાર હજાર છસો ચોવીસ પુરા)

મુખ્ય સદર "૦૦૩૫" કૃષિ વિષયક જમીન સિવાયની સ્થાવર મિલકત પર કર, ગૌણ સદર ૮૦૦ અન્ય પ્રાપ્તિ પેટા સદર (૧)- બિનકૃષિ વિષયક રૂપાંતર કર એ સદરે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયામાં જમા કરાવી તથા,

(૨) વિશેષધારાની રકમ :-

| અ.નં. | હેતુ | ક્ષેત્રફળ (ચો.મી.) | દર પ્રતિ ચો.મી. | વિશેષધારાની રકમ (રૂા.) |
|---|---|---|---|---|
| ૧ | રહેણાંક | ૬૩૧૨ | ૦.૨૫ | ૧,૫૭૮/- |

(અંકે રૂપિયા એક હજાર પાંચસો ઈઠ્યોતેર પુરા)

(૩) નિયત બિનખેતીની માપણી ફીની રકમ જીલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર વડોદરાની કચેરીમાં જમા કરાવી તથા,

(૪) વિશેષધારો, લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકર બે વર્ષનો એડવાન્સ જે તે સમયના લાગુ દર મુજબ તલાટીશ્રીની કચેરીમાં જમા કરાવવાનો રહેશે.

(૫) સવાલવાળી જમીન અંગે સબ પ્લોટના ક્ષેત્રફળ, એપ્રોચ રસ્તાના ક્ષેત્રફળ અને કોમન પ્લોટના ક્ષેત્રફળ અલગ-અલગ દર્શાવતા તથા તમામ કબજેદારોની સહી સાથેનો સુચિત લે-આઉટ પ્લાન તથા પ્લાન મુજબ ક્ષેત્રફળની વિગત દર્શાવતું માન્ય આર્કીટેકનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) ચલન રજુ કરતાં સમયે સવાલવાળી જમીનોના અધતન ૭/૧૨, ૮/અ તથા ગામે પડેલ છેલ્લા ફેરફાર નોંધની નકલ.

રૂપાંતરકર તથા બિનખેતી માપણી ફી તેમજ વિશેષધારો અને અન્ય કરોની રકમ સબંધીત કચેરીમાં જમા કરાવી તેના અસલ ચલન તથા પહોંચો દિન-૧૦ માં અત્રેની કચેરીમાં રજુ કરવા વિનંતી છે, જો સમયસર તે રજુ કરવામાં નહી આવે તો આપને માંગણીમાં રસ નથી તેમ માની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી છે.

કલેકટર, વડોદરા વતી

નોંધ પર કલેકટરશ્રીનાં આદેશાનુસાર

નકલ રવાના :- મામલતદારશ્રી વડોદરા (ગ્રામ્ય) તરફ

નકલ રવાના :- જિલ્લા નિરીક્ષક દફતર / સીટી સર્વે નં.૧,૨, ૩, ૪ વડોદરા તરફ ૨/-નિયમોનુસારની (સૂચિત નકશા પ્રમાણે/યુનીટ પ્રમાણે) માપણી ફી વસુલ લેવા આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

નકલ રવાના :- તલાટીશ્રી, ભાયલી તા.વડોદરા તરફ જાણ વ ઘટિત કાર્યવાહી કરવા સારૂ.

નકલ રવાના :- જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી, વડોદરા તરફ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

BAR CODE NO.26062

For, CHUPON INFRA
H.C.Nakoshi
PARTNER